

## ડી બીઅર્સની સાઇટ હોલ્ડર વ્યવસ્થા ઝાંખી પડી શકે છે

# ભારતનું હીરાબજાર દુનિયામાં બીજા ક્રમનું મોટું બનવાની તૈયારીમાં છે

લેબગ્રોન ડાયમંડસને કારણે કુદરતી હીરા માટે ખોદકામ અથવા ખાણકામ કરતી (માઈનર) પ્રસિધ્ધ કંપની ડી બીઅર્સ એટલી ભીંસમાં મુકાઇ ગઇ છે કે વરસ 2023માં ધંધાની મુખ્ય કમાણી અથવા નફા તરીકે માત્ર 7 કરોડ 20 લાખ ડોલરની કમાણી થઇ હતી. આપણે ગયા સપ્તાહમાં અહીં જોઇ ગયા કે ડી બીઅર્સની પેરન્ટ કંપની એંગલો અમેરિકનને ખરીદવા માટે ઓસ્ટ્રેલિયાની જાયન્ટ ખાણ કંપની બીએચપી બીડ પર બીડ (બોલી) વધારતી હતી. છેલ્લે એંગલો અમેરિકનને ખરીદવા માટેની 39 અબજ પાઉન્ડ અર્થાત લગભગ 50 અબજ ડોલર (4150 અબજ રૂપિયા લગભગ)ની બોલી નિષ્ફળ ગઇ છે. દરમિયાન ડી બીઅર્સના ભવિષ્ય વિશે દાવાઓ અને અટકળો થઇ રહ્યાં છે. ડી બીઅર્સ એંગલો ઈન્ડિયનની પેટા કંપની છે પણ એંગલો ઇન્ડિયનની બીજી માઈનિંગ પ્રવૃત્તિઓ કરતાં ડી બીઅર્સની હીરા માઈનિંગ પ્રવૃત્તિની આસપાસ ઘણી ચર્ચાઓ થઇ રહી છે કારણ કે લેબગ્રોન ડાયમંડસ જેમ જેમ લોકપ્રિય થઇ રહ્યા છે અને કુદરતી હીરા જેવી જ પ્રકૃતિ ધરાવતા હોવા છતાં ઘણા સસ્તા હોવાથી ડી બીઅર્સનો નેચરલ હીરા ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાઇ ગયો છે. ડી બીઅર્સના સંચાલકોએ ડી બીઅર્સને ટકાવવા અને તેનો વિકાસ સાધવા માટે ઘણી વૈકલ્પિક યોજનાઓ વિચારી રાખી છે. તેમાંની એક એવી છે જેમાં ડી બીઅર્સની સાઇટ હોલ્ડર વ્યવસ્થા ખૂબ પાતળી બનાવી દેવાશે. કદાચ એ વ્યવસ્થા નિરર્થક બની જાય તો નવાઇ પામવા જેવું નથી. સુરતના હીરાઉદ્યોગમાં એક સમય એવો હતો જેમાં ડી બીઅર્સ તરફથી મેન્યુફેકચરરને સાઇટ હોલ્ડરશીપ મળતી તો નોબેલ પારિતોષિક મળવા કરતાં પણ વધુ આનંદની વાત ગણાતી હતી. દરેકનો એક સમય હોય છે.

ડી બીઅર્સના ચીફ એક્ઝિક્યુટિવ એ આઇ કૂકે ઘણા વિકલ્પો વિચારી રાખ્યા છે. એ ડી બીઅર્સને કાર્ટિયર, ટિફની કે વાન કલીફ એન્ડ આરપેલ્સની માફક લકઝુરિયસ જ્વેલરીની બ્રેન્ડ તરીકે ડેવલપ કરવા માગે છે અને એ રીતે જ્વેલરીના રિટેલ બિઝનેસમાં પગ જમાવવા માગે છે. દક્ષિણ આફ્રિકાની શેર માર્કેટમાંથી કંપનીને ડિલિસ્ટ કરવામાં આવી હતી તેને બે દશક કરતાં વધુ વરસ થયાં. આ બે દશક જેટલા સમયમાં કંપનીએ 2023માં જે નફો કર્યો તે સૌથી નીચો છે.

રિટેલ માર્કેટમાં હીરાનાં આભૂષણો વેચવાનો વિષય કંપની માટે જો કે નવો નથી. એના અમુક ગણ્યાંગાંઠયા બુટિક દુનિયામાં છે પરંતુ એ આઇ કૂક હવે એ બુટિકોની સંખ્યા બમણી કરવા માગે છે. ઊંચી કિંમતના શ્રેષ્ઠ જેમસ્ટોનની બજારમાં ડી બીઅર્સ ઉજળું નામ છે અને કંપની તે ક્ષેત્રમાં પોતાનો દબદબો જાળવી રાખવા માગે છે. વૈભવી ઝવેરાતની રિટેઇલ કંપનીઓ જેવી કે વાન કલીફ એન્ડ આરપેલ્સને પણ તૈયાર જેમ સ્ટોન ડી બીઅર્સ દ્વારા પૂરા પાડવામાં આવે છે. તે પ્રભુત્વ જાળવી રાખવા માટે કંપની હવે ખાણકામથી માંડીને તૈયાર વૈભવી ઝવેરાતના છૂટક વેચાણની પોતાની જ શ્રૃંખલા શરૂ કરવા માગે છે. એ આઇ કૂક કહે છે કે, ‘‘જો હીરાના ભવિષ્ય બાબતે વિચારવાનું હોય તો ખાણકામથી પણ આગળ વિચારવું પડે તેમ છે.’’ ટૂંકમાં, મતલબ એ છે કે માત્ર હીરા ખોદી કાઢીને અટકી જવાથી ભલીવાર વળવાનો નથી. કૂકનું કહેવું છે કે, ‘‘ખાણકામથી માંડીને વૈભવી છૂટક વેચાણની શૃંખલા તૈયાર કરવાને બાબતે હું ઘણો ઉત્સાહિત છું. અમે ખોદકામથી વેચાણ સુધીની તમામ કડીઓ પર અમારી સ્ટ્રેટેજીઓ, વ્યૂહરચનાઓ પૂર્ણપણે લાગુ પાડવામાં સફળ બનીશું તે અમારા માટે મહત્ત્વની વાત છે. ત્યાં સુધી કે ડી બીઅર્સને અમે દુનિયાના



**ડી બીઅર્સ કંપની અનેક સરકારો, ઉત્પાદકો અને વેચાણકર્તાઓ સાથે આંટીઘૂંટીવાળા કરારો ધરાવે છે તેથી કંપનીની ખરી કિંમત નક્કી કરવાનું મુશ્કેલ છે. એંગલો અમેરિકન કંપની ડી બીઅર્સને અલગ નવું સ્વરૂપ આપી બીએચપીના હાથમાં જતી બચાવી લેવા માગે છે પણ કંપનીની ખરી કિંમતની રેન્જ ખૂબ મોટી છે. કોઇક દોઢ અબજ ડોલર તો કોઇ સાડા સાત અબજ ડોલર સુધી આંકે છે**

અગ્રણી જ્વેલરી ફેશન હાઉસની હરોળમાં મૂકી શકીશું.’’

ગયા વરસે હીરાના વેચાણમાં ભારે મંદી રહી હતી. તેમ જ વ્યાજના ઊંચા દર અને ફુગાવાને કારણે ડી બીઅર્સને કમાણીમાં મોટું નુકસાન સહન કરવું પડ્યું હતું. વળી લેબગ્રોન ડાયમંડસને કારણે કુદરતી હીરાના વેચાણને મોટી પછડાટ સહન કરવી પડી હતી. ડી બીઅર્સના આંકડાઓ પ્રમાણે સાડા ચાર અબજ ડોલરની કિંમતના લેબગ્રોન ડાયમંડસ ગયા વરસે વેચાયા હતા અને તેને કારણે અમેરિકામાં કુદરતી હીરાની જ્વેલરીના વેચાણને સાત અબજ ડોલરનો ફટકો અથવા ખોટ સહન કરવા પડયા હતા.

પરિણામે ડી બીઅર્સને માત્ર સાત કરોડ વીસ લાખ ડોલરની કમાણી થઇ હતી. વરસ 2001માં ડી બીઅર્સ દક્ષિણ આફ્રિકાના જોહનિસબર્ગ સ્ટોક એકસચેન્જમાંથી ડિલિસ્ટ થઇને ખાનગી કંપની બની હતી ત્યાર પછીની આ સૌથી નબળી કમાણી છે. હવે એક વિકલ્પ એવો વિચારવામાં આવી રહ્યો છે કે કંપનીનો IPO બહાર પાડવામાં આવે.

એ આઇ કૂકની એ વ્યૂહરચના ખાસ છે જેને ‘ઓરિજિન્સ’ નામ આપવામાં આવ્યું છે. એ વ્યૂહરચનામાં કંપની ભારતમાં હીરા વેપાર અને ઉદ્યોગમાં ડી બીઅર્સની હાજરી વધારવા માગે છે. વધુ વેપાર કરવા માગે છે. જો એ એંગલથી જોઇએ તો શકય છે કે ‘સાઇટહોલ્ડર’ વ્યવસ્થા ચાલુ રાખવામાં આવે. સુરતનું હીરાબજાર આ વરસે દુનિયાની બીજા ક્રમની સૌથી મોટી ડાયમંડસ માર્કેટ તરીકે સ્થાન મેળવવાની તૈયારીમાં છે. ‘ઓરિજિન્સ’ સ્ટ્રેટેજી મુજબ લેબગ્રોન ડાયમંડસ પ્રવૃત્તિ તરફથી જે પડકાર મળી રહ્યો છે તેને ખાળવા માટેનાં પગલાં પણ લેવાશે.

ડી બીઅર્સ ખાણકામથી વધુ આગળ ધંધાનો વિસ્તાર વધારવા માગે છે તેના પ્રથમ પગલાં તરીકે ડી બીઅર્સ જ્વેલરીના 100થી વધુ સ્ટોર્સ દુનિયાભરમાં ખોલવાનો લક્ષ્યાંક રખાયો છે. હાલમાં કંપની વિશ્વમાં 40 સ્ટોર્સ ધરાવે છે તે 2030 સુધીમાં વધારીને 100 જેટલા કરશે. પ્રોડકશન્સ માટેની કેટલીક સુવિધાઓ અને વ્યવસ્થાઓ વિકસાવવામાં આવશે. ડી બીઅર્સ પોતાના કુદરતી હીરા અમુક મેન્યુફેકચરરોને પોલિશ કરવા આપશે અને એ હીરા પોતાની દુકાનો તેમ જ બીજી કેટલીક રિટેલ ચેનલોને વેચવા આપશે. આજની વ્યવસ્થામાં ડી બીઅર્સ સાઇટ હોલ્ડરો અર્થાત ડી બીઅર્સના ગ્રાહકો (પોલીશરો)ના નાનકડા સમૂહને કાચા હીરા વેચે છે અને પોલિશરો પાસેથી એ જ હીરા પાછા ખરીદે છે. એ આઇ કૂકની યોજના પ્રમાણે વરસ 2028 સુધીમાં દોઢ અબજ ડોલરની ચોખ્ખી કમાણીનો લક્ષ્યાંક રખાયો છે. ડી બીઅર્સ કંપની એંગલો અમેરિકન કંપનીના ચાર ડિવિઝન પૈકીનું એક છે અને એંગલો અમેરિકન તેમાં 85% અને બોત્સવાના સરકાર 15 %નો હિસ્સો ધરાવે છે.

ડી બીઅર્સની ખરીદીમાં માત્ર બીએચપીને જ રસ છે તેવું નથી. તેમાં રસ ધરાવતી કંપનીઓમાં ગલ્ફ સોવરીન વેલ્થ ફંડસ, ચાઈનીઝ રોકાણકારો, લકઝુરી ચીજોના જાણીતા ફેશન હાઉસો વગેરે અનેક છે પરંતુ ડી બીઅર્સના છેલ્લાં 10 વરસ નફાની દ્રષ્ટિએ સારાં રહ્યાં નથી તેથી તેનું વેચાણ આકર્ષક કે ઊંચી કિંમતે થવું મુશ્કેલ છે.

શ્રી કૂક ડીબીઅર્સની સાઇટ હોલ્ડર સિસ્ટમ પર પ્રભાવ પાડે, સિસ્ટમને અસર કરે તેવી એક યોજના પણ વિચારી રહ્યા છે. ડી બીઅર્સ તેના દુર્લભ, અપવાદરૂપ મોટા કદના પોલિશ્ડ જેમ સ્ટોન્સ ખાસ ગ્રાહકોને વેચવા માટે અલાયદા રાખશે. આ યોજના મુજબ વરસમાં માત્ર 10 વખત સેલ્સ અથવા વેચાણ યોજાશે અને તે વેચાણમાં પૂર્વનિર્ધારિત 69 ગ્રાહકો જ ડાયમંડસ ખરીદી શકશે.


જો કે આ વ્યવસ્થાની માસ માર્કેટ પર કોઇ ખાસ અસર ન પડે. આમેય મોંઘા હીરા તો શ્રીમંતો જ ખરીદતાં હોય છે પરંતુ અહેવાલો મુજબ આ યોજના હેઠળ ડી બીઅર્સ તેના કાચા હીરા સાઇટ હોલ્ડરોને વેચે છે અને કારખાનેદારો એ હીરા જવેરાત ઉત્પાદકોને વેચે છે તે વ્યવસ્થામાંથી ડી બીઅર્સ ફારગત થઇ શકે છે. ડી બીઅર્સ ‘ફોરએવર માર્ક’ના નામથી ભારત, ચીન, જપાન, અમેરિકા અને હોંગકોંગમાં હીરા-ઝવેરાત વેચે છે. 2028 સુધીમાં કંપનીના ચોખ્ખા નફાની 7% કમાણી આ વેચાણ વ્યવસ્થા તેમજ ડી બીઅર્સ જ્વેલરીની દુકાનોમાંથી મળતી થશે તેવો અંદાજ બાંધવામાં આવ્યો છે. હાલમાં ડી બીઅર્સના તૈયાર હીરાના ગ્રાહકોમાં મોટા ફેશન હાઉસો અને કંપનીઓ છે. જેમ કે વાન કલીફ એન્ડ આરપેલ્સ, હોંગકોંગનું જ્વેલરી ગ્રુપ ચાઉ તાઇ ફૂક વગેરે છે.

જો ડી બીઅર્સ પોતાના સ્ટોર્સ ખોલશે તો પોતાની જ ગ્રાહક કંપનીઓ સામે હરીફાઇ શરૂ થશે અથવા એ મહત્ત્વના ગ્રાહકો ગુમાવવા પડશે. ડી બીઅર્સની એક યોજના એવી છે જેમાં લેબગ્રોન ડાયમંડસનો વપરાશ ઝવેરાત બનાવવા માટે ઓછો થાય અને તેનો વધુ વપરાશ સિકસ્થ જનરેશન (સિકસ જી)ના સેમિકંડકટરો અર્થાત ચિપ્સ બનાવવા માટે થાય.

ડી બીઅર્સ કંપની અનેક સરકારો, ઉત્પાદકો અને વેચાણકર્તાઓ સાથે આંટીઘૂંટીવાળા કરારો ધરાવે છે તેથી કંપનીની ખરી કિંમત નક્કી કરવાનું મુશ્કેલ છે. એંગલો અમેરિકન કંપની ડી બીઅર્સને અલગ નવું સ્વરૂપ આપી બીએચપીના હાથમાં જતી બચાવી લેવા માગે છે પણ કંપનીની ખરી કિંમતની રેન્જ ખૂબ મોટી છે.

કોઇક દોઢ અબજ ડોલર તો કોઇ સાડા સાત અબજ ડોલર સુધી આંકે છે. વળી ભવિષ્યમાં લેબગ્રોન ડાયમંડસનું વેચાણ કુદરતી હીરાના વેચાણને કેટલું નુકસાન પહોંચાડશે તેનું આકલન અભ્યાસથી થઇ શકે તેમ નથી. રફ હીરાની કિંમત ઉત્તરોત્તર ઘટી રહી છે. ગયા વરસે 17%નો ઘટાડો નોંધાયો હતો. જ્વેલરીના ધંધામાં મોટાં માથાં ગણાતાં હાઉસો આ કારણથી ડી બીઅર્સને ખરીદવામાં વધુ ઉત્સાહ દર્શાવતા નથી.





ANI

## નવા NDAમાં રાજનાથ સિંહ આધારસ્તંભ

**ઈધર-ઉધરકી**

આરતી જેરથ

BJPનાં વર્તુળોમાં એવી અટકળો ચાલી રહી છે કે, BJPના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહ મોદીની આગેવાની હેઠળના નવા NDA ગઠબંધન સરકારના મહત્ત્વના આધારસ્તંભ તરીકે ઊભરી શકે છે. જો કે, અમિત શાહ ગૃહમંત્રી બન્યા ત્યારથી મોદી સરકારમાં બીજા નંબરના નેતા રહ્યા છે પરંતુ ગઠબંધન નેતા તરીકે તેમના નવા અવતારમાં વડા પ્રધાનને કદાચ તેની જરૂર નહીં પડે. અહીં રાજનાથ સિંહની ભૂમિકા છે. તેઓ એકમાત્ર વરિષ્ઠ નેતા છે જે વાજપેયીની આગેવાની હેઠળની ગઠબંધન સરકારનો ભાગ હતા. તેમણે ગઠબંધન ભાગીદારોને નજીકથી સંભાળવાની કળાનું અવલોકન કર્યું છે અને વર્તમાન સાથીદારોમાંથી ઘણાને સારી રીતે જાણે છે, ખાસ કરીને નીતિશ કુમાર અને ચંદ્રાબાબુ નાયડુને. તે જમાનાના અન્ય નેતાઓ - પ્રમોદ મહાજન, સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી - જે હવે નથી રહ્યા અને વેંકૈયા નાયડુ, જેઓ ચંદ્રાબાબુ નાયડુ સાથે મહત્ત્વપૂર્ણ વાર્તાકાર હોઈ શકે છે, ભારતનું ઉપરાષ્ટ્રપતિ પદ છોડ્યા પછી સેવા નિવૃત્ત થઈ ચૂક્યા છે. ત્યારે હવે માત્ર રાજનાથ સિંહ જ રહે છે. તેઓ એક સ્થિર, સમતુલિત નેતા છે, જેમની સાથે મોદીના સંબંધ સહજ છે. નવી વ્યવસ્થામાં તેને જે પોર્ટફોલિયો મળે છે તેના પરથી તેના મહત્ત્વનો અંદાજ લગાવી શકાય છે.

## ટિકિટ નક્કી કરવામાં યોગીની સલાહ નજરઅંદાજ કરાતાં BJPને UPમાં હાર મળી



ઘણાં લોકોને આશ્ચર્ય થયું કે UPના મુખ્ય પ્રધાન અને BJPના સ્ટાર પ્રચારક યોગી આદિત્યનાથ સાત તબક્કાની ચૂંટણી દરમિયાન શા માટે નારાજ જોવા મળ્યા હતા. તેમણે UPમાં રેલીઓને સંબોધિત કરી હતી પરંતુ તેમની ગર્જનાવાળા, ભડકાવ ભાષણો હેડલાઈન્સ મેળવતાં હતાં તેનાથી વિપરીત તેમનાં ભાષણો આ વખતે શાંત રહ્યાં હતાં. તેમને ભાગ્યે જ કોઈ મહત્ત્વ આપતું હતું. અને તેમણે UPની બહાર લગભગ બે ડઝન રેલીઓને સંબોધિત કરી કે તેઓ તેમના ગૃહ રાજ્યમાં મોદી માટે 400 પારની જીત સુનિશ્ચિત કરવાના પ્રયાસમાં વ્યસ્ત હતા. એવું લાગે છે કે, યોગી પાસે નારાજ થવાનું સારું કારણ હતું. દેખીતી રીતે, UP માટે ટિકિટની પસંદગી દરમિયાન તેમની લગભગ સંપૂર્ણપણે અવગણના કરવામાં આવી હતી. ટિકિટ નક્કી કરવા માટે તેમને કે BJPના રાજ્ય એકમના વડા ચૌધરી ભૂપેન્દ્ર સિંહને ચર્ચા માટે આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. યોગીએ 35 નવા ઉમેદવારોની યાદી તૈયાર કરી હતી અને એ મતદારક્ષેત્રો કે જ્યાંથી તેઓ વર્તમાન સાંસદોને બદલીને ઊભા રાખવા માંગતા હતા પરંતુ તેમની સલાહ અવગણવામાં આવી હતી. વાસ્તવમાં BJPએ તેના 62 વર્તમાન સાંસદોમાંથી 55ને જાળવી રાખ્યા હતા અને UPમાં તેને મળેલી હારની ભારે કિંમત ચૂકવવી પડી. BJPના એક વર્ગ દ્વારા UPમાં પાર્ટીના ખરાબ પ્રદર્શન માટે યોગી આદિત્યનાથને જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. એક રસપ્રદ યુદ્ધ શરૂ થઈ શકે છે.

## મોદીએ તો નીતીશકુમારને રાજીનામું આપવાનું પણ કહી દીધું હતું!



મોદીને BJPની જીત માટે એટલો વિશ્વાસ હતો કે જ્યારે તેઓ મતગણતરીના દિવસની પૂર્વસંધ્યાએ બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારને મળ્યા ત્યારે તેમણે કુમારને રાજીનામું આપવાનું સૂચન કર્યું અને રાજ્યમાં BJPના મુખ્ય પ્રધાન માટે રસ્તો બનાવવાનું સૂચન કર્યું. માનવામાં આવે છે કે મોદીએ કુમારને નવી દિલ્હીમાં તેમની કેબિનેટમાં વરિષ્ઠ પદની ઓફર કરી હતી. કુમારે નિરાશ થઈને પ્રસ્તાવ પર વિચાર કરવા માટે સમય માંગ્યો. રસપ્રદ વાત એ છે કે મોદીએ બિહારમાં કુમારના ઉત્તરાધિકારી તરીકે તેઓ BJPના જે નેતાને ઈચ્છતા હતા તેનું નામ સમ્રાટ ચૌધરી હતું. લો પ્રોફાઈલ હોવા છતાં ચૌધરી કુશવાહા સમુદાયના છે, જેને BJP બિહારમાં પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરી રહી છે. બીજા દિવસે સવારે જેમ-જેમ પરિણામો આવી રહ્યાં હતાં ચૌધરી તેમને મળવા પટણામાં કુમારના ઘરે ગયા હતા. કુમારે તેને મળવાનો ઈનકાર કરી દીધો અને પાછા મોકલી દીધા. તે સ્પષ્ટ હતું કે, મોદીની ઓફર સ્વીકારવાનો તેમનો કોઈ ઈરાદો નહોતો અને જ્યારે અંતિમ આંકડો આવ્યો તો એ સ્પષ્ટ થઈ ગયું કે JD(U)એ બિહારમાં BJP કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું, તેણે ચૂંટણી લડેલી 16માંથી 12 બેઠકો જીતી હતી. BJP પણ 12 સીટ જીતી પરંતુ તે 17 લડી હતી. તેથી તેનો સ્ટ્રાઈક રેટ ઓછો છે જે કુમારને કમાન્ડિંગ સ્થિતિમાં મૂકે છે.

## સટાક

કમલ





## ચિરંતના ભટ્ટ

અનુસંધાન એકનું

હવે BJPએ ગઠબંધનની સરકાર બનાવવાના દિવસો આવ્યા છે ત્યારે એકમેવ શાસકની માફક અત્યાર સુધી સત્તા સંભાળનારા નરેન્દ્ર મોદી માટે એમ કરવું સરળ હશે ખરું? આ સવાલ માત્ર નરેન્દ્ર મોદી નહીં પણ અમિત શાહ માટે પણ થાય. ગઠબંધનની સરકારમાં અહમને સૌથી પહેલાં બાજુએ મૂકવો પડે અને બીજાઓને, તમને ટેકો આપનારાઓને સાંભળવા પડે, એમના અભિપ્રાયોને ગણતરીમાં લેવા પડે.

ભલે BJPએ બહુમતી માટે પૂરતી બેઠકો પર જીત નથી મેળવી છતાં પણ NDAએ ફરી એક વાર નરેન્દ્ર મોદીને જ વડા પ્રધાન બનાવવા પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. સત્તામાં રહેવા માટે નરેન્દ્ર મોદીને તેલુગુ દેશમ પાર્ટી અને જનતા દળ યુનાઈટેડમાંથી 28 સાંસદોનો ટેકો જોઈએ છે. આ પક્ષના નેતાઓ છે ચંદ્રબાબુ નાયડુ અને નીતિશ કુમાર. આ બન્ને નેતાઓ વાટાઘાટ કરવામાં અવ્વલ છે અને અનેક વાર ગઠબંધનો બદલી ચૂક્યા છે.

બહુમતની આદતવાળા વડા પ્રધાન મોદીએ આ પહેલાં ગઠબંધનની સરકાર રચી નથી અને ટેકેદાર પક્ષો સાથેના તેમના સંબંધો હંમેશાં અનુકૂળ નથી રહ્યા. જ્યારે બહુમતીની સરકાર રચાઈ હતી ત્યારે આ પક્ષો સાથે સારાસારી રાખવામાં મોદીએ બહુ મહેનત નહોતી કરી. નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુ બન્ને વિશે એલફેલ બોલવામાં પણ એમણે કંઇ બાકી નહોતું રાખ્યું. અકાલી દળે ખેડૂતોના મુદ્દે અને શિવસેનાએ પણ સત્તાને મામલે ભેદભાવ થતા BJP સાથે છેડો ફાડ્યો છે કારણ કે નરેન્દ્ર મોદી અને અમિત શાહની બધી વાતે સંમત થવાનું તેમને માટે શક્ય નહોતું. કેન્દ્રમાં બેઠેલા નરેન્દ્ર મોદી કેન્દ્રની માફક જ વર્ત્યા છે અને ઘણી વાર પોતાના મંત્રીઓને બાજુમાં રાખીને સીધા સરકારી અધિકારીઓ સાથે વહેવાર કરી ચૂક્યા છે. તેમણે અનેક વાર બીજાઓને સાંકળ્યા વિના અથવા જાણ કર્યા વિના સીધેસીધા નિર્ણયો લઇ લીધા હોવાના પણ બનાવો છે.

હવે વડા પ્રધાન રહેવું હશે તો નરેન્દ્ર મોદીએ તેલુગુ દેશમ અને જનતા દળ યુનાઈટેડ જેવા ટેકેદાર પક્ષોની માગણીઓને પણ સમાવવી પડશે. અત્યાર સુધી કોઇ પણ સમાધાન ન કરનારા નરેન્દ્ર મોદી હવે કેટલું નમતું જોખશે એ જોવું રહ્યું. જો એમ નહીં કરે તો આગલા પાંચ વર્ષ સુધી સ્થિર સરકાર રાખવું સહેલું નહીં હોય.

ત્રીજી ટર્મ ઘણા નેતાઓ માટે પડકારજનક સાબિત થઇ છે. નહીં ધારેલા સંજોગોમાં સરકારો પડી ભાંગી છે અને ભલભલી યોજનાઓ રફેદફે થઇ ગઇ છે. મનસ્વી અભિગમને બાજુમાં મૂકીને ખરા અર્થમાં અન્યોના ટેકાથી સરકાર ચલાવવામાં નરેન્દ્ર મોદી કેટલા સફળ થશે એ જોવું રહ્યું.